બોલુંદરા પંથકના યુવાનોએ ગામોમાં બાઈક રેલી યોજીને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી

મોડાસા, તા ૧૭

અરવવલ્લી જિલ્લાના મોડાસાના બોલુંદરા પંથકના ૨૦૦થી વધુ યુવાનોએ ૧૨થી

વધુ ગામોમાં બાઈકરેલી યોજીને પુલવામા આતંકી હુમલાના વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. જુસ્સાભેર બોલુંદરા ગામેથી સ્થાનિક યુવા કાર્યકર્તાઓ ઝીલુભા રહેવર, પ્રતીક પટેલ, વદનસિંહ રહેવર, વિજય રાઠોડ, ધર્મેન્દ્રસિંહ રહેવર, પવન ગોરની આગેવાનીમાંની કળેલી યુવાનોની આ બાઈક રેલીમાં બોલુંદરા અને નજીકના ગામો ઉમેદપુર, જીવણપુરના યુવાનો પણ આ બાઈક રેલીમાં જોડાયા હતા.

આજરોજ બોલુંદરા ગામેથી નીકળેલી આ રેલીમાં બાઈક સાથેના યુવાનોએ શહીદો અમર રહો. ભારત માતાકી જય. પાકિસ્તાન મુર્દાબાદ..ના નારા લગાવીને તમામ ગામોમાં ત્રિરંગા સાથે પરિભ્રમણ કર્યુ હતું. પુલવામા આતંકી હુમલાની આ ઘૃણાસ્પદ ઘટનાને વખોડીને શહિદોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી અને ઘવાયેલા જવાનો જલદી સ્વસ્થ થાય તેવું ઈશ્વર પાસે દુઆ માંગી હતી.

બોલુંદરાથી નીકળેલી આ બાઈકરેલી ભાટકોટા, સજાપુર થઈ સરડોઈ સુધી પરિભ્રમણ કરીને છારાનગર થઈ ઉમેદપુર, જીવણપુર, બામણવાડ, નાંદીસણ, ટીંટોઈ, મોટી ઈસરોલ થઈ નાની ઈસરોલ થઈ પરત બોલુંદરા વિરામ પામી હતી.

પ્રાંતિજ ટોલનાકા ખાતે કેન્ડલ માર્ચ રેલી યોજી શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ

પ્રાંતિજ તા.૧૭

જમ્મુ-કાશ્મીરના પુલવામા સીઆરપીએફના કાફલા ઉપર

થયેલ આતંકવાદી હુમલાને લઈને સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પંથકમાં આક્રોશનો માહોલ ઉદભવ્યો છે અને પ્રાંતિજ સહિત તાલુકામાં કેન્ડલ માર્ચ સાથે શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે. ત્યારે પ્રાંતિજ ટોલનાકા ખાતે પણ ટોલ સંચાલકો તથા ટોલ કર્મચારીઓ દ્વારા કેન્ડલ માર્ચ યોજી શહીદોને શ્રધ્ધાંજલી આપવામાં આવી.

દેશભરમાં જનાક્રોશ ભભૂકી ઉઠયો છે અને ઠેરઠેર લોકો દેશમાં શહીદ જવાનોને શ્રધ્ધાંજલી અર્પી રહ્યાં છે ત્યારે પ્રાંતિજ સહિત તાલુકામાં કેન્ડલ માર્ચ રેલી યોજી શહીદોને શ્રદ્ધાંજલિ આપવામા આવી રહી છે, જેમા પોગલુ ખાતે મૃત્યુ જયના જપ કરી જવાનોને શ્રદ્ધાંજલિ આપી તો બોભા ખાતે પણ દલિત સમાજ દ્વારા કેન્ડલ માર્ચ રેલી યોજી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તો બાઈના મુવાડા, દલાણી મુવાડી સહિતના ગામોમાં શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. પ્રાંતિજના કતપુર ટોલનાકા ખાતે પણ ટોલ સંચાલકો તથા કર્મચારીઓ દ્વારા કેન્ડલ માર્ચ રેલી યોજી શહીદો અમર રહો, પાકિસ્તાન મુર્દાબાદ, પાકિસ્તાન હાય હાય નારા સાથે કેન્ડલ માર્ચ રેલી યોજીને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

મોડાસામાં મુસ્લિમ બિરાદરો, ભોઈ સમાજ, દધાલિયા, ટીંટોઈ સહીત ઠેર ઠેર કેન્ડલ માર્ચ

મોડાસા, તા ૧૭

પુલવામામાં આતંકવાદી હુમલા પછી અરવલ્લી જીલ્લામાં જનાક્રોશ શમ્યો નથી. જીલ્લામાં ઠેર ઠેર કેન્ડલ માર્ચ યોજી, પૂતળા દહન

અને પાકિસ્તાનનો રાષ્ટ્રધ્વજ બાળી વિરોધ પ્રદર્શન યથાવત જોવા મળી રહ્યો છે. મોડાસામાં શનિવારે રાત્રે મોડાસા ચાર રસ્તા પર કેન્ડલ માર્ચ યોજી હતી જેમાં હજારો મુસ્લિમ સમાજની તમામ સંસ્થાઓ અને અબાલ, વૃદ્ધ સૌ કોઈ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આતંકવાદી જઘન્ય કૃત્યને વખોડ્યું હતું અને પાકિસ્તાની નાપાક હરકતોનો ભોગ દેશના મુસ્લિમ બનતા હોવાનો અને કટાક્ષરૂપી સાબિત થતો હોવાનો પાકિસ્તાન અને આતંકવાદ સામે રોષ પ્રગટ કર્યો હતો. મુસ્લિમ બિરાદરોએ "પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપો"ની આકોશ સાથે માંગ કરી હતી.

મોડાસામાં ભોઈ સમાજ ક્રાંતિદળ દ્વારા વિશાળ કેન્ડલ માર્ચ યોજી મહિલાઓએ પાકિસ્તાનના છાજીયા લીધા હતા અને પાકિસ્તાનના મુર્દાબાદ અને આતંકવાદનું પૂતળા દહન કરી રોષ વ્યક્ત કર્યો હતો. મોડાસામાં એટલાન્ટા પરિવારે શહીદોની તસ્વીરને પુષ્પાંજલિ અર્પી કેન્ડલ દ્વારા વિરાંજલી અર્પી હતી. શ્યામસુંદર શોપિંગ સેન્ટરના ચેતનભાઈ અને રાકેશભાઈના માર્ગદર્શન હેઠળ મોડાસામાં પાકિસ્તાન સામે વિરોધ પ્રદર્શન અને આતંકવાદીઓનો ખાતમો બોલાવવાની માંગ સાથે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પતા બેનરો પ્રદર્શિત કરી શહેરના માર્ગો પર આક્રોશ રેલી યોજી હતી. મોડાસા તાલુકાના ટીંટોઈ અને દધાલિયા ગામે મોટી સંખ્યામાં કેન્ડલ માર્ચ યોજી શહીદોને હૃદયાંજલિ અર્પણ કરી હતી. અરવલ્લી જીલ્લામાં ઠેર ઠેર પાકિસ્તાન અને આતંકવાદ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

માણસા પત્રકાર સંઘ દ્વારા સેવા કાર્ય થકી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

માણસા, તા ૧૭

કાશ્મીરના પુલમાવામાં સીઆરપીએફના જવાનો પર કાયરતાપૂર્ણ હુમલા સંદર્ભે દેશભરમાં આક્રોશ સાથે વિરોધ પ્રદર્શનો, શ્રદ્ધાંજલિ સભા અને કેન્ડલ માર્ચ જેવા વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે માણસા પત્રકાર સંઘ દ્વારા અનોખી રીતે લોકસેવાના કાર્યક્રમના ભાગરૂપે ફ્રી મેડિકલ સારવાર કેમ્પ યોજી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

માણસા તાલુકા પત્રકાર સંઘ દ્વારા આજરોજ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના ભાગરૂપે ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દીપ પ્રાગટ્ય બાદ બે મિનિટના મૌન સાથે શહીદોને યાદ કરવામાં આવ્યા હતા. સદર કેમ્પમાં ડૉ. તરૂણ દવે(હૃદયરોગ નિષ્ણાંત), ડૉ. જીતેન્દ્ર ચૌધરી (ઓર્થોપિડીક સર્જન), ડૉ. અજય શાહ (છાતીના રોગોના નિષ્ણાત), ડૉ. અમિત પટેલ (જનરલ સર્જન), ડૉ. સુરેશભાઈ ગોસ્વામી (સ્ત્રીરોગ નિષ્ણાંત), ડૉ. રાકેશ ગોસ્વામી (હૃદય-તાવ-છાતીના રોગના નિષ્ણાત), ડૉ. આર. એન. ગાંધી (હૃદયરોગના નિષ્ણાત), ડૉ. અશોક ખત્રી (ડાયાબીટીસ નિષ્ણાત), ડૉ. મમતા ગોસ્વામી (દાંતના રોગના નિષ્ણાત), ડૉ. કેયુર પટેલ (મગજના રોગના નિષ્ણાત), ડૉ. કૈરવ શાહ (ન્યુરોલોજી સર્જન) અને ડૉ. નિર્મલસિંહ પરમાર (દાંતના રોગના નિષ્ણાત) સેવાર્થે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. તરૂણ દવેના સહાયક તોરલ ગોસ્વામી દ્વારા મા વાત્સલ્ય

મુખ્યમંત્રી યોજના અને આયુષ્યમાન પ્રધાનમંત્રી યોજના હેઠળની તમામ સેવાઓ તદ્દન વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી.

કેમ્પ દરમિયાન અજંતા ફાર્મા, અમદાવાદ તરફથી તમામ લાભાર્થીઓને વિનામૂલ્યે દવાઓ પૂરી પાડવામાં આવી હતી. ઉપસ્થિત દર્દીઓને અમદાવાદની ખ્યાતનામ જનરલ ડાયાગ્નોસ્ટીક, મુંબઈ તરફથી વિવિધ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ રિપોર્ટ તદ્દન વાજબી ભાવે કરી આપવામાં આવ્યા હતા. ખૂબ જ મોટી સંખ્યામાં લાભાર્થીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. માણસા મતવિસ્તારના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ અને નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન નવીનચંદ્ર વ્યાસ સહિત વિવિધ સેવાભાવી સંસ્થાના હોદ્દેદાર-કાર્યકર મિત્રોની પ્રેરક ઉપસ્થિતિ હતી.

ખબરે અનોખી...

પાંચ ફૂટ લાંબો સાપ છુપાઈ ગયો બુટમાં

કર્ણાટકના નેલ મંગલા ટાઉનમાં એક એવી ઘટના બની કે સૌ કોઈ આશ્ચર્યમાં મુકાઈ ગયા. એક ભાઈએ સાંજે પોતાના ઘરના ઓટલા પર બુટ કાઢીને ગયા હતા. બીજા દિવસે સવારે તેમણે બહાર આવીને જોયુ તો એ બુટમાં એક સાપ ગુંચળુ વળીને સૂતો હતો. પહેલા આ ભાઈએ તરત જ ઘટનાની તસવીર લીધી અને પછી સર્પ પકડનારને બોલાવ્યા હતા. સાપ પકડનારાએ જ્યારે શુઝમાંથી સાપને બહાર કાઢ્યો તો સૌ કોઈ ચોંકી ગયા હતા. કારણ કે સાપની લંબાઈ પાંચ ફૂટ હતી. બાદમાં આ સાપને દૂર જંગલમાં છોડી મુકાયો હતો.

૯ કરોડના એક દુર્લભ સાપ સાથે એક વ્યક્તિની ધરપકડ

દુર્લભ પ્રજાતિના એક સાપની તસ્કરીનો પ્રયાસ કરી રહેલા એક વ્યક્તિને મુર્શિદાબાદ જિલ્લા પોલીસે ધરપકડ કરી લીધી છે. શેખ નામની વ્યક્તિએ માલ્દા જિલ્લાના જંગલમાંથી ગીકો નામના દુર્લભ પ્રજાતિના સાપને પકડી લીધો હતો જેની કિંમત અંદાજે ૯ કરોડ રૂપિયા કહેવામાં આવે છે. શેખ આ સાપને ઝારખંડના લોકોને વેચવા જઈ રહ્યો હતો. પોલીસે શેખ પાસેથી તેનો કબજો લઈ વન વિભાગના અધિકારીઓના હવાલે કરી દિધો હતો.

દંપતિએ ઉગાડ્યુ વિશાળકાય કોબી

ઓસ્ટ્રેલિયામાં એક દંપતિએ એટલી મોટી કોબીજ ઉગાડી છે. જેને જોઈને સૌ કોઈ હેરાન છે. કોબીજની સાઈઝ માણસ જેટલી છે. આ કોબીજને ઉગાડવા માટે દંપતિને ૯ મહિના સખત મહેનત કરવી પડી હતી. આ દંપતિ જૈકીશ માર્શમાં રહે છે. દંપતિએ ગત વર્ષે એપ્રિલ મહિનામાં પોતાના ઈકો-ટુરિઝમ ગેસ્ટહાઉસમાં વિશાળકાય શાકભાજીઓ ઉગાડવાની શરૂઆત કરી હતી.

જાપાનમાં ૧૩ સમલૈંગિક યુગલોએ સરકાર સામે કેસ કર્યો

૧૩ સમલૈગિક યુગલોએ લગ્ન કરવાના અધિકારની માંગણી સાથે જાપાન સરકાર પર કેસ દાખલ કર્યો છે. તેઓ જાપાન સરકાર સામે પ્રતિકાત્મક નુકશાનનો માટે દાવો માંડી રહ્યા છે. તેમની દલીલ છે કે સમલૈંગિક યુગલોના લગ્ન પર પ્રતિબંધના લીધે તેમના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થાય છે. જાપાન એ એક માત્ર જી-૭ દેશ છે જે ગે લગ્નોને પરવાનગી નથી આપતો પરંતુ સર્વે સૂચવે છે કે આ કેસને મજબુત સમર્થન છે. આ ૧૩ યુગલોએ જાપાનના અલગ-અલગ શહેરમાં કેસ ફાઈલ કર્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાયોપિકમાં હીરાબા બનશે ઝરીના વહાબ

ગત કેટલાક દિવસોથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાયોપીક સતત ચર્ચામાં છે. આ ફિલ્મમાં વિવેક ઓબોરોય પીએમ મોદીની ભૂમિકામાં છે. તો નરેન્દ્ર મોદીની પત્ની જસોદાબેનની ભૂમિકા બરખા બિશ્ત નિભાવશે. ફિલ્મમાં અમિત શાહની ભૂમિકાને મનોજ જોષી ન્યાય આપશે જ્યારે વીતેલા જમાનાની અભિનેત્રી ઝરીના વહાબ ફિલ્મમાં પીએમ મોદીની માતા હીરાબા મોદીના કિરદારને ન્યાય આપશે.

આ મંદિરમાં ભાઈ બહેનનું સાથે આવવા પર પ્રતિબંધ છે

યુપીના જાલોનમાં એક મીનાર આવેલો છે જેને લંકામીનાર તરીકે ઓળખવામાં આવે છે. આ મીનાની ઊંચાઈ ૨૧૦ ફૂટ છે. આ મંદિરના નિર્માતા મથુરા પ્રસાદે અનેક વર્ષો સુધી રામલીલામાં રાવણની ભૂમિકા ભજવી હતી. ૧૮૭૫માં આ મંદિરનું નિર્માણ કરાયુ હતુ. આ મીનારમાં ભાઈ-બહેનના જવા પર પ્રતિબંધ છે. કારણ કે આ મીનારમાં નીચેથી ઉપર દર્શન કરવા માટે ૭ પરિક્રમા કરવાની હોય છે. આ સાતેય પરિક્રમાઓ કે ફેરા લગ્ન વખતે ફક્ત પતિ પત્ની જ લે છે અને આજ કારણે ભાઈ બહેન આ મંદિરમાં સાથે આવવા પર પ્રતિબંધ છે.

દહેગામમાં મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના હોદેદારોના આમરણાંત ઉપવાસ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ સંચાલક, રસોઈયા અને મદદનીશ સામાન્ય વેતનમાં છેલ્લા ૩૪ વર્ષથી ફરજ બજાવી રહ્યા છે. આ યોજનાના કર્મચારીઓ આવી કારમી મોંઘવારીમાં સામાન્ય વેતનમાં ફરજ બજાવવા મજબુર બન્યા છે. મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ ઘણા વર્ષોથી પોતાના પડતર પ્રશ્નોને લઈ સરકારમાં રજુઆત કરી ચુક્યા છે.પરંતુ તેમના પડતર પ્રશ્નનો કોઈ ઉકેલ નહીં આવતા આજથી મધ્યાહન ભોજન કર્મચારી મહામંડળના પ્રમુખ અને હોદેદારો દહેગામ ખાતે આમરણાંત ઉપવાસ શરુ કર્યા છે. તેમ છતા ન્યાય નહીં મળે તો વિધાનસભા સત્ર દરમિયાન વિધાનસભા ઘેરાવ કાર્યક્રમ કરશે અને તાલુકા-જિલ્લા કક્ષાએ રેલીઓ યોજશે. દહેગામ ખાતે ઉપવાસમાં મધ્યાહન ભોજન કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી પોતાના પડતર પ્રશ્નો માટે લડત ચલાવી રહ્યા છે. જેમાં પગાર ધોરણ-લઘુતમ વેતન આપી કાયમી કરવા, એન.જી.ઓ. દાખલ નહીં કરવી અને જે જિલ્લામાંઓમાં એન.જી.ઓ. દાખલ કરી છે તે રદ કરી છુટા થયેલા તમામ કર્મચારીઓને પોતાના મુળ કેન્દ્ર પર પુનઃ નિમણુંક આપવી, તાજેતરમાં મધ્યાહન ભોજન યોજનામાં નવા મેનુ તેમજ અલાયદી નાસ્તો આપવાનો જીઆર કર્યો છે તે રદ કરવો, સામાન્ય વેતનમાં અમારા કુટુંબનું ભરણ-પોષણ કરવુ અમારા માટે અતિ કઠીન છે. સરકારી-અર્ધ સરકારી તેમજ બોર્ડ નિગમના કર્મચારીઓ તથા ધારાસભ્યઓનો પગારમાં વધારો સરકાર દ્વારા કરવામાં આવે છે. પરંતુ અઢી દાયકાથી કર્મચારીઓનું આર્થિક શોષણ થઈ રહ્યું છે. ત્યારે સરકાર સમક્ષ વારંવારની રજુઆત છતા હજુ સુધી કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં આવતો નથી. ત્યારે આજથી મધ્યાહન ભોજન કર્મચારી મહામંડળના હોદેદારોએ નવા લક્ષ્મીપુરા દહેગામ ખાતે ઉપવાસ આંદોલન શરુ કર્યું છે.

ગણતરીમાં ગાંધીનગર... છેલ્લા પાનાનું ચાલુ

૧૫ મિનિટ જળસ્ત્રોતમાંથી પાણી મેળવવામાં તેનો સમય જાય છે. આમ, સરેરાશ એક મહિલાને પાણી માટે રોજની ૩૫ મિનિટ ફાળવવી પડે છે. આખા વર્ષમાં ૨૧૦ કલાક તે માત્ર પાણી ભરવા માટે વેડફે છે. આ આંકડા દેશી દર બીજી ગ્રામીણ મહિલાના છે. (સંદર્ભ : હિન્દુસ્તાન ટાઈમ્સ, વર્ષ ૨૦૧૪) ૧૯૪૯માં ભારત સરકારે એવી આશા વ્યક્ત કરી હતી કે આગામી ૪૦ વર્ષમાં ૯૦ ટકા ભારતીય પરિવારોને પીવાનુ ચોખ્ખુ પાણી મળી રહે તેવા પ્રયાસો રહેશે. પરંતુ મહિલાઓ આટલા વર્ષે પણ સામાજિક વિકાસના મામલે હાંસિયામાં જ છે.

વસંતોત્સવ... છેલ્લા પાનાનું ચાલુ

અને કાલબેલિયા, મહારાષ્ટ્રનુ ધનગરી ગજા,લેજીમ, બેરડી અને આદિવાસી,ગોવાનુ દેખણી અને કલ્શીકુગડી,પંજાબનુ ભાંગડા, બચનગમા રોફ અન્ ગીદા ઉત્તર પ્રદેશનુ બેરિયા, આસામનુ બીહું, મણિપુરનુ લાઈ હારોબા, મિઝોરનુ મનુંમુગંતીયા અને પુંગ ઢોલ ચોલમ, સિક્કિ મનુચાંડી, ઓરિસ્સાનુ ગોટીપુઆ, પશ્ચિમ બંગાલનુ પરુલિયા છાઉ કેરાલાનુ લરિપ્પયટ્ટુ ઉપરાંત ગુજરાતના આદિજાતી કલાકારોનુ તલવાર ઢોલ,મોરપીછ, મવાસી, ત્રિરંગા સિદિ ધમાલ નૃત્યો થા તુરી બારોટ કલાકારો દ્વારા કચ્છ ઘોડી, લોકનૃત્યો મેવડો,ભવાઈ હાથીનો વેશ, સનેડો સળગતો ગરબો, વેરાડી ઝુલણા, ઢોલ , રાવણ હથ્થો તેમજ મહીસાસુરના વધ સહીતના નૃત્યો રજુ થશે.

વૈવિધ્યસભર નૃત્યો, હસ્તકલા હાટ પ્રદર્શન તેમજ નદીની કોતરમાં સ્પોર્ટસ એડવેન્ચરનો લાભ મળશે. સ્થાનિકોમાં પણ વસંતોત્સવની ઉજવણીને અનુલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે.

બસોની ફાળવણી... છેલ્લા પાનાનું ચાલુ

વાતાવરણમાં વધતા પ્રદુષણ પાછળ એસ ટી બસો પણ જવાબદાર હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. જો કે તાજેતરમાં જ એસ ટી ને નવી બી એસ ફોર એન્જિનની બસો ફાળવવામાં આવી છે. ગાંધીનગર ડેપોને પણ નવી ૨૫ બસો ફાળવવામાં આવી છે. ગાંધીનગર ડેપોમાં હાલ કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવી બસો ન હોવાનુ પણ ડેપો મેનેજરે જણાંવ્યુ છે. જયારે આગામી દિવસોમાં એસ ટી નિગમ દ્વારા તબક્કાવાર ગાંધીનગર ડેપોને નવી બસો ફાળવવામાં આવશે જેથી મુસાફરાને વધુ આરામદાયક બસસેવાનો લાભ મળશે. જયારે પ્રદુષણની માત્રા પણ ઘટશે.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

અને જ્યોતિરાદિત્ય સિંધિયાને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં પ્રભારી બનાવાયા પછી સમાજવાદી પાર્ટી-બહુજન સમાજ પાર્ટીના જોડાણમાં કૉંગ્રેસને સામેલ કરવાની નવી પહેલ જોવા મળી.કારણ કૉંગ્રેસ તમામ ૮૦ બેઠકો લડે તો સપા-બસપાના જોડાણને ફટકો પડે.

ઇન્દિરા અને પ્રિયંકામાં ઘણો ફરક

હરખપદૂડા કૉંગ્રેસીઓને પ્રિયંકામાં ઇન્દિરા ગાંધીનાં દર્શન થવા માંડે એ સ્વાભાવિક છે.કારણ ચહેરે મ્હોરે પ્રિયંકા પોતાનાં દાદી જેવાં લાગે છે,પણ જરૂરી નથી કે વર્તમાન રાજકારણમાં એ પ્રિયદર્શિની નેહરુ-ગાંધી જેટલાં કાબેલ અને બાહોશ સાબિત થાય.શ્રીમતી ગાંધી પોતાના પિતાના માર્ગદર્શનમાં રાજકીય અને રાજદ્વારી પાઠ શીખીને તૈયાર થયાં હતાં.રાહુલ કે પ્રિયંકાને પોતાના વડાપ્રધાન પિતા રાજીવ ગાંધીના માર્ગદર્શનમાં એ રીતે તૈયાર થવા જેટલો અવસર મળ્યો નહીં. ઇન્દિરા વડાંપ્રધાન રહ્યાં અને એમની ૧૯૮૪માં હત્યા થઇ એને પગલે કૉંગ્રેસના સાંસદ રાજીવ ગાંધીને વડાપ્રધાન થવાની તક મળી તો ખરી,પણ ૧૯૯૧માં ફરીને વડાપ્રધાન થવાનો અવસર આવવામાં હતો ત્યાં જ તેમની પણ હત્યા થઇ હતી. ઘરમાં બબ્બે હત્યાઓ થયા પછી માતા સોનિયાને ઉચાટ રહેવો સ્વાભાવિક હતો.એમણે પણ રાજકારણમાં અનિચ્છાએ જ આવવાનું પસંદ કર્યું હતું. એમના માટે ૨૦૦૪માં વડાપ્રધાન થવાની તક આવી ત્યારે એ જન્મે ઇટાલિયન હોવાની વાત કાળોતરો થઈને આડી આવી અને એમણે ડૉ.મનમોહન સિંહને વડાપ્રધાન બનાવવાનું પસંદ કર્યું હતું.વર્ષ ૨૦૦૯માં પણ કૉંગ્રેસના વડપણ હેઠળના મોરચાની મનમોહન સરકાર રચાઈ. જોકે સમગ્ર ગાંધી પરિવારે દાયકાઓ સુધી ઘણાં મહેણા સાંભળવાના પ્રસંગો આવ્યા. નવાઈ એ વાતની હતી કે પંડિત નેહરુ બૅરિસ્ટર થયા પછી તેમના પરિવારમાં સૌપ્રથમ સ્નાતક કે એમ.ફિલ. થનાર રાહુલ હતા.એ પછી એમના પિતરાઈ ફિરોઝવરુણ ગાંધી એમ.એ. થયા અને બહેન પ્રિયંકા પણ એમ.એ.સુધી ભણી.બંને ભાઈઓ લંડનમાં ભણીને ઊંચી પદવી લઈ આવ્યા.વિધિની વક્રતા કેવી કે ઇન્દિરા અને ફિરોઝ ગાંધીના નાના પુત્ર સંજય ગાંધી ૧૯૮૦માં જ વિમાન અકસ્માતમાં મૃત્યુ પામ્યા અને તેમનાં પત્ની મેનકા ગાંધી અને પુત્ર ફિરોઝવરુણ ગાંધી અત્યારે ભાજપમાં છે. મેનકા કેન્દ્રમાં મંત્રી છે. ભાજપી સાંસદ ફિરોઝવરુણ કૉંગ્રેસમાં પાછા ફરે એવી અટકળો છે.

સોનિયાની નિવૃત્તિ, રાયબરેલીમાં પ્રિયંકા

પ્રિયંકા સામાન્ય રીતે પોતાનાં માતા સોનિયા ગાંધીના મતવિસ્તાર રાયબરેલી અને ભાઈ રાહુલના મતવિસ્તાર અમેઠીને સંભળાતાં રહ્યાં છે.સામાન્ય લોકો સાથે એમનો સંબંધ ખૂબ જ નિકટનો છે. શ્રીમતી સોનિયા ગાંધી કૉંગ્રેસના વડપણવાળા યુપીએનાં અધ્યક્ષા છે પણ તેમની તબિયત નાદુરસ્ત રહેતી હોવાથી આગામી લોકસભા ચૂંટણી પ્રિયંકા જ રાયબરેલીમાંથી લડે એવી ચર્ચા શરૂ થઇ ગઈ છે. આવા જ સંજોગોમાં કેન્દ્ર સરકારની એજન્સીઓ છેલ્લાં પોણા ચાર વર્ષ સુધી રાહુલ,સોનિયા કે તેમના જમાઈ રોબર્ટ વાડ્રા વિરુદ્ધ ઝાઝી કાર્યવાહી કરીને જેલ ભેગાં કરવામાં નિષ્ફળ રહી હોવાથી હવે પ્રિયંકા-પતિ રોબર્ટ વાડ્રાની કલાકો સુધી દિલ્હી અને જયપુરમાં તપાસ ચાલે છે.કોઈ ખટલાઓમાં તેઓ ફસાય અને એનો લાભ ભાજપને આગામી ચૂંટણીમાં મળે એ માટે ભાજપના તમામ પ્રવક્તાઓ જ નહીં,ખુદ વડાપ્રધાન મોદી પણ સરકારી કાર્યક્રમોમાં બેફામ નિવેદનો કરી રહ્યા છે. જોકે સમગ્ર વિપક્ષને ભ્રષ્ટાચારી ગણાવવાની વડાપ્રધાન અને તેમના પક્ષની આક્રમકતા સામે સવાલો એ ઊઠે છે કે તો ભ્રષ્ટ નેતાઓને સાડા ચાર વર્ષ દરમિયાન જેલ ભેગા કેમ ના કરાયા અને ચૂંટણી માથે છે ત્યારે જ આ ઉપાડો કેમ લીધો છે? વળી, વડાપ્રધાન અને એમના પક્ષના આવા વલણને કારણે તેઓ વિપક્ષોની એકતાને "મહામિલાવટ" કહીને જેટલું વધારે ભાંડે છે એટલા વધુ વિપક્ષો સંગઠિત થઈ રહ્યા છે. વિપક્ષી નેતાઓ તો ખુલ્લેઆમ આક્ષેપ કરી રહ્યાં છે કે વડાપ્રધાન અને કેન્દ્ર સરકાર પોતાની સત્તાનો દુરુપયોગ કરીને વિપક્ષના અવાજની કચડવાની કોશિશ કરે છે.આગામી દિવસોમાં ચૂંટણી જાહેર થતાં જ બધું નીરક્ષીર થવા માંડશે. haridesai@gmail.com

પાછી ખેંચાઈ ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્ણય લેવાયો હતો. જમ્મુ કાશ્મીરમાં રહેલા કેટલાક તત્વોના આઈએસઆઈ અને આતંકવાદી સંગઠનો સાથે કનેક્શન હોવાના અહેવાલ આવતા રહ્યા છે. સુરક્ષાની સમીક્ષા હવે કરવામાં આવી રહી છે. આજે જારી કરવામાં આદેશ મુજબ અલગતાવાદીઓને આપવામાં આવેલા તમામ વાહનો પણ પરત લઈ લેવામાં આવ્યા છે. કોઈપણ સુરક્ષા હવે તેમને મળશે નહીં. કોઈપણ બહાનાસર તેમને વાહનો અપાશે નહીં. તાત્કાલિક ધોરણે સરકાર દ્વારા આપવામાં આવેલી કોઈપણ પ્રકારની સુવિધા પરત ખેંચવામાં આવી રહી છે.

આતંકી અડ્ડા ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલમાં અંકુશરેખા ઉપર અથવા તો આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર કોઈપણ નવેસરથી જવાનોની તૈનાતી થઈ નથી પરંતુ પાકિસ્તાનમાં દહેશત ફેલાયેલી છે જેથી લોંચપેડથી ત્રાસવાદીઓને અન્યત્ર ખસેડી લીધા છે. આ ત્રાસવાદીઓને પાકિસ્તાની સેનાના કેમ્પમાં લઈ જવાયા છે. ભારતીય સેના પાસે ઘણા બધા વિકલ્પ રહેલા છે જેમાં હવાઈ હુમલાનો સમાવેશ થાય છે.

હુમલાનો આદેશ ● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠકોમાં તે હાજરી આપી શક્યો નથી. જો કે, પુલવામા ત્રાસવાદી હુમલા માટે તેના લોકોને સ્પષ્ટ સૂચના આપી રહ્યો હતો. હુમલાના આઠ દિવસ પહેલા જ એક ઓડિયો મેસેજ જારી કરીને હુમલા માટેનો આદેશ કરવામાં આવ્યો હતો. ઓડિયો મેસેજમાં અઝહરે તેના ભત્રીજા ઉસ્માનનો બદલો લેવા તેના લોકોને કહ્યું હતું. અઝહરે ગુપ્તરીતે પોતાના વ્યક્તિને ભારત મોકલ્યા હતા જેમાં ગાઝી પણ સામેલ છે.

માસ્ટર માઈન્ડ ● અનુસંધાન પહેલાનું ચાલુ

અબ્દુલ રશીદ ગાઝીને પકડી પાડવા માટે પણ મોટાપાયે ઓપરેશન ચાલી રહ્યું છે. સીઆરપીએફના કાફલા ઉપર આત્મઘાતી હુમલો સીધીરીતે ૨૧ વર્ષીય બોંબર આદિલ અહેમદ દારે કર્યો હતો જેમાં ૪૦થી વધુ સીઆરપીએફના જવાનો શહીદ થઈ ગયા હતા પરંતુ આ હુમલામાં માસ્ટરમાઈન્ડ તરીકેની ભૂમિકા અબ્દુલ રશીદ ગાઝી દ્વારા અદા કરવામાં આવી હતી. તેના અંગે કહેવામાં આવે છે કે, ગયા ગુરુવારના દિવસે કરવામાં આવેલા હુમલામાં તેજ મુખ્ય ભેજાબાજ તરીકે છે. સુરક્ષા સંસ્થાઓને શંકા છે કે, જૈશનો આ ટોપ કમાન્ડર અબ્દુલ રશીદ ગાઝી કાશ્મીર ખીણમાં જ છુપાયેલો છે.

મારા દિલમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રદ્ધાંજલિ આપતા કહ્યું હતું કે, તેઓ દેશવાસીઓને ખાતરી આપવા માંગે છે કે, હુમલાખોરોને યોગ્ય સજા આપવામાં આવશે. કોઈને છોડવામાં આવશે નહીં. જમ્મુ કાશ્મીરના પુલવામામાં ૧૪મી ફેબ્રુઆરીના દિવસે સીઆરપીએફ કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૪૦ જવાન શહીદ થયા હતા. મોદીએ શહીદોને નમન કરતા કહ્યું હતું કે, દેશવાસીઓના દિલમાં શું ચાલી રહ્યું છે તેનો અનુભવ તેઓ કરી રહ્યા છે.

રજનીકાંત ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉતરશે નહીં. રજનીકાંતે સામાન્ય ચૂંટણીને લઈને આજે કહ્યું હતું કે, ૨૦૧૯ની ચૂંટણીમાં તેમની પાર્ટી મેદાનમાં ઉતરશે નહીં. આની સાથે સાથે રજનીકાંતે પોતાના ફોટા અથવા તો પાર્ટીના નિશાનનો કોઈપણ પ્રકારના પ્રોપેગેંડામાં ઉપયોગ કરવાને લઈને પણ ચેતવણી આપી હતી. રજનીકાંતે કહ્યું હતું કે, આગામી લ